ગાંધીનગર સમાચાર

તા. ૧૩-૧૦-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી-ગાંધીના રાજમાં લીલાલહેર?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરહદ પર શાંત પડી ગયેલા તોપમારાથી આસાયેશ અનુભવીને એનો જશ લેવા પ્રયાસ કર્યો એટલામાં ફરી પાછુ જમ્મુ સરહદ પર પાકિસ્તાનનો ગોળીબાર શરૂ થઇ ગયો છે. પંદરમી તારીખે હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભાની યોજાઇ રહેલી ચૂંટણીમાં એમણે સરહદ પર પાકિસ્તાનની બોલતી બંધ કરી દીધી હોવાની વાતો કરીને પ્રજાને પ્રોત્સાહિત જરૂર કરી દીધી પરંતુ શરદ પવાર સામેનો સણસણતો સવાલ કે તેઓ સંરક્ષણ મંત્રી હતા ત્યારે સરહદ પર ગયા છો ખરા એના જવાબ રૂપે શરદ પવારે પોતે સિયાચીન રણક્ષેત્રની મુલાકાત લીધી હોવાની વાત કરીને એમની બોલતી બંધ કરી દીધી છે. એમણે મહારાષ્ટ્રના ભાગલાં નહીં પડવા દેવાની વાત કરી, એની સામે પાર્ટીના જ કેટલાક આગેવાનો અલગ વિદર્ભના નામે ભાજપ માટે વોટ માગી રહ્યા છે. ભાજપના ઢંઢેરામાં અલબત્ત, આ મુદ્દો નથી સમાવાયો કારણ કે એમ કરવાથી નરેન્દ્ર મોદીની જ નાલેશી થાય એમ હતી. નરેન્દ્ર મોદીએ જવાહરલાલ નહેરૂના નામે ચાલતી અર્બન યોજનાનું નામ બદલી નાખીને અટલબિહારી વાજપેયી સાથે જોડ્યું તે પણ એમની સંકુચિત મનોવૃત્તિ દર્શાવે છે. એમણે સ્વચ્છતા અભિયાન સાથે ચાચા નહેરૂ જયંતીની જાહેર રજાઓ રદ બાતલ કરી દીધી હોવા પાછળ પણ સ્વાભાવિક રીતે જ કોઇને હેતુપુરઃસરની લાંબા ગાળાની યોજના દેખાય તો એથી નવાઇ ન લાગવી જોઇએ. નારાયણ મૂર્તિ જેવા બિનરાજકીય ઉદ્યોગસાહસિકને મોદી દેશને સાચી દિશામાં દોરી રહેલા લાગે છે પરંતુ એથી વિરૂદ્ધ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ઓથોરિટી ગણાતા રાજેન્દ્રસિંહે મોદીની ગંગા સપાઇ સાથે સંકળાયેલી મોદી-યોજનાથી ગંગાનું મોત નીપજશે એવી કાળવાણી ઉચ્ચાણી છે. આવા સંજોગો વચ્ચે મોદીની દરેક સાંસદ વરસ દરમિયાન એક ગામને આદર્શ ગામ તરીકે વિકસાવે, એવો આગ્રહ રાખીને એક પ્રશંસનીય પહેલ કરી છે. ગુજરાતના રાષ્ટ્રીય સ્તરે મોડેલ ગામ તરીકે સ્થાપિત થયેલ સાબરકાંઠાના પુંસરી ગામને એમણે મોડેલ તરીકે સ્વીકાર્યું છે. સંસદનાં બેઉ ગૃહોના કુલ મળીને આઠસો જેટલા સાંસદો ધારે તો આ યોજના મુજબ પાંચ જ વરસમાં દેશમાં ગામડાંની ચડળી કળા દેખાશે એમાં શંકાને સ્થાન નથી. ગ્રામોદ્ધારનો મૂળ વિચાર ગાંધીનો છે અને વાચકોની જાણ સારૂં જણાવવાનું કે કોઇ પણ ગુજરાતી શબ્દકોશમાં 'ગાંધી' અને 'મોદી' એ સમાનાર્થી શબ્દો છે. એ જુદી વાત છે કે વર્તમાન મોદી એકવીસમી સદીના વાણીશૂરા ગાંધી છે જયારે પેલા અસલી ગાંધી એમના આચરણથી જ ઊજળા હતા.



દિવાળી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ચોપડાઓની ખરીદી શરૂ થઇ ચુકી છે.

# સેમેસ્ટર-૩માં આજે રસાયણ વિજ્ઞાન : વિદ્યાર્થીમાં ઉત્તેજના

### પ્રથમ દિવસે ગણિત અને જીવ વિજ્ઞાન જેવા મુશ્કેલ પેપર રહ્યા બાદ આજના પેપરને લઈને વિદ્યાર્થીઓ વધુ સાવધાન

અમદાવાદ, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા ચાલી રહી છે ત્યારે આવતીકાલે હવે મહત્વના પેપર થનાર છે. એક બાજુ સેમેસ્ટર ત્રણમાં રસાયણ વિજ્ઞાનની પરીક્ષા લેવાશે જ્યારે સેમેસ્ટર-૧માં ગુજરાતી અને કોમ્પ્યુટરની પરીક્ષા લેવામાં આવનાર છે. પ્રથમ દિવસે જ સેમેસ્ટર-૩માં ગણિત અને સેમેસ્ટર-૧માં જીવવિજ્ઞાનના પેપરને લઈને વિદ્યાર્થીઓની હાલત કફોડી રહી હતી પરંતુ આવતીકાલે સેમેસ્ટર ૧ અને ૩ના વિદ્યાર્થીઓ વધુ તૈયારી સાથે સાવધાનીપૂર્વક પેપર માટે તૈયાર થયેલા છે. ગઈકાલે સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઈ હતી. ગેરરીતિના કિસ્સાઓને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. પરીક્ષા માટેની તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી હતી. આ પરીક્ષામાં સેમેસ્ટર-૧ માં ૧,૩૮,૮૨૮ અને સેમેસ્ટર-૩માં ૧,૨૭,૫૯૩ વિદ્યાર્થીઓ નોંધાયા છે. વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પીરક્ષા માટે રાજ્યના ૩૩ જિલ્લાઓને ૩૭ ઝોનમાં વિભાજીત કરીને કુલ ૧૧૭ પરીક્ષા કેન્દ્રો પરથી પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગઈકાલે પ્રથમ દિવસે શાંતિપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે પહોંચ્યા હતા. રાજ્યના તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ ખાતે આ વખતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે તેમજ સ્ટેટ કંટ્રોલ રૂમ ગાંધીનગર બોર્ડની કચેરી ખાતે શરૂ કરવામાં આવ્યા છે જે ૨૪ કલાક કાર્યરત રહેશે. વિદ્યાર્થીઓની પરીક્ષા દરમિયાન ગેરરીતી અટકાવવા માટે દરેક વર્ગખંડમાં સીસીટીવી કેમેરા અથવા ટેબલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષાના કુલ બ્લોક ૭૦૫૯ પૈકી ૫૩૪૨ બ્લોકમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. બાકીના ૧૭૧૭ બ્લોકમાં ટેબલેટ લગાવવામાં આવ્યા છે. જેનું સ્ટેટ કંટ્રોલ રૂમમાંથી નિયંત્રણ કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓની પરીક્ષા ઓએમઆર પદ્ધતિથી લેવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે હેલ્પલાઈન નંબરો પણ શરૂ કરવામાં આવ્યા છે જે ઉપયોગી બન્યા છે.

## હરિની દૃષ્ટિ...



તારો શાહરૂખખાન સફાઇ અભિયાન કરવા આવ્યો હોય તો હું ત્યાં ફોટા પડાવવા આવું...!!

### દર્શકનું દર્શન પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'ની જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે દર્શકનું દર્શન પરિસંવાદ યોજવામાં આવશે.

અમદાવાદ સ્થિત ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે તા. ૧૫મી ઓક્ટોબર બુધવાર સવારે ૯.૩૦ થી ૫.૦૦ દરમિયાન ત્રણ બેઠકમાં યોજાશે. જેમાં રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, વૈશાલી ધોળકીયા, સહિતના સાહિત્યકારો ઉપસ્થિત રહેશે.



દિવાળી નજીક આવી છે ત્યારે ખરીદીનો માલો જામ્યો છે. ત્રણ દરવાજા વિસ્તારમાં હાલ ભારે ભીડ જોવા મળી રહી છે.

# સીસીટીવીની બાજ નજરમાં જીપીએસસીની પરીક્ષા થઈ

### વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની સીધી ભરતી માટે ગુજરાતના કુલ ૨૮ જિલ્લાના ૧૬૦૦ કેન્દ્રો પર પરીક્ષા

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત સર્વિસ પબ્લિક કમિશન (જીપીએસસી) વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની સીધી ભરતી માટેની પ્રિલિમરી પરીક્ષા આજે રાજ્યના ૨૮ જિલ્લાના ૧૬૦૦ કેન્દ્રો પર યોજાઈ હતી. આ પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન સર્જાય એટલા માટે ખાસ સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત કોઈ માથાકુટ ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તમામ વ્યવસ્થા વચ્ચે જીપીએસસીની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા રાજ્યમાં છ વર્ષ બાદ વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની ખાલી પડેલી ૩૭૬ બેઠકો માટે આજે રાજ્યના ૨૮ જિલ્લાના ૧૬૦૦ પરીક્ષા કેન્દ્રો પરથી જીપીએસસીની પ્રિમિલરી પરીક્ષા લેવામાં આવી હતી. જીપીએસસીની પ્રિલિમરી પરીક્ષામાં રાજ્યભરમાંથી ૪.૫૩ લાખ જેટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. એટલે કે એક જગ્યા માટે લગભગ ૧૨૦૦ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આજે સવારે ૧૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન વર્બલ સ્કિલમાં ગુજરાતી અને અંગ્રેજીના ૭૫-૭૫ માર્કના પ્રશ્નો ધરાવતું પેપર લેવામાં આવ્યું હતું. જેમાં અંગ્રેજીની તુલનામાં ગુજરાતીના પ્રશ્નો વધુ અઘરા રહ્યા હોવાનું ઉમેદારોએ જણાવ્યું હતું.

બપોરે ૧૨.૩૦થી ૨.૦૦ કલાક દરમિયાન લોજીકલ અને ગાણિંતિક પ્રશ્નો પેપર પુછાયું હતું જે પ્રશ્નપત્ર ખુબ અઘરુ રહ્યું હોવાનો અનુભવી ઉમેદવારોએ કર્યો હતો. ત્યારબાદ ૩થી ૪ કલાક દરમિયાન સામાન્ય જ્ઞાનની કસોટીનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહ્યું હતું. આ પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન સર્જાય એટલા માટે દરેક પરીક્ષા કેન્દ્રએ ખાસ સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરિત કોઈ પરીક્ષા કેન્દ્રએ માથાકુટ ન સર્જાય તે માટે ખાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારોને મોબાઈલ ફોન, કેલક્યુલેટર કે અન્ય ઈલેક્ટ્રિકલ ઉપકરણો લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. જેના કારણે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પરીક્ષા શાંતિપૂર્ણરીતે સંપન્ન થતાં તંત્રએ રાહતોનો શ્વાસ લીધો હતો.

# ડિગ્રી ઈજનેરી સહિતના વિવિધ કોર્સની ટૂંકમાં ફી જાહેર કરાશે

### નવી ફીને લઇને અટકળોનો દોર : એક સપ્તાહના ગાળામાં જ નવી ફી નક્કી કરી લેવામાં આવે તેવી પ્રબળ સંભાવના

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત ડિગ્રી ડિપ્લોમાં એન્જિનિયરિંગ સહિતના જુદા જુદા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની ફી નક્કી કરવા માટે રચવામાં આવેલી ફી રેગ્યુલેટરી કમિટિ દ્વારા અત્યારે ફી નક્કી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં સ્વનિર્ભર કોલેજ સંચાલકોએ ફી કમિટિની કાર્યપદ્ધતિ સામે પ્રશ્નાર્થ ઉભો કરીને છ સંચાલકોને ફરીવાર રૂબરૂમાં બોલાવવાની ભલામણ કરી હતી જેના પગલે ફી કમિટિ દ્વારા અંદાજે ૧૨૫થી વધુ કોલેજ સંચાલકોને રૂબરૂ બોલાવીને સૂનાવણી હાથ ધરવામાં આવી હતી. ત્યારે હવે આગામી એક સપ્તાહમાં નવી ફી નક્કી કરવામાં આળે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સ્ટેટ લેવલની ફી કમિટિ દ્વારા ચાલુ વર્ષે ઓનલાઈન સિસ્ટમથી કોલેજ સંચાલકોને તમામ ડોક્યુમેન્ટ મોકલી આપવાની સૂચના અપાઈ હતી. કોલેજોએ ઓનલાઈન મોકલી આપેલા ડોક્યુમેન્ટનું એનાલીસીસ કરીને ફી કમિટિ દ્વારા દરેક ફી નક્કી થાય છે તેની વિગતો મોકલી આપી હતી જેમાં કોલેજ સંચાલકોને કુલ ત્રણ વિકલ્પો અપાયા હતા. ફી કમિટિની સૂચના સામે એસોસિએશન ઓફ સ્વનિર્ભર ઈજનેરી કોલેજ દ્વારા ફી કમિટિને એક પત્ર આપવામાં આવ્યો હતો જેમાં માંગણી કરવામાં આવી હતી કે, કોઈ કોલેજના સંચાલકો પોતે ફી ઘટાડવાની માંગણી કરે તે અલગ વાત છએ પરંતુ ઓવરઓલ કોઈ ફીમાં ઘટાડો કરી શકાય નહીં. સંચાલકોની આ પ્રકારની માંગણી બાદ ફી કમિટિ દ્વારા ૧૨૫ જેટલા કોલેજ સંચાલકોને ફરીવાર રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવ્યા હતા. ફી કમિટિના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ આ સુનાવ ણી દરમિયાન જાણવા મળ્યું છે કે, મોટાભાગની કોલેજોએ રજૂ કરેલ ઓનલાઈન દસ્તાવેજોમાં ભુલો હતી જેના કારણે તેમને ડોક્યુમેન્ટ સુધારવાની તક આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેટલા કોલેજ સંચાલકોએ ફરી સુનાવણીની માંગ કરી હતી. તે તમામની કાર્યવાહી પુરી રકી દેવામાં આવી છે ત્યારે હવે ફી નક્કી કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે જે અંગે અંતિમ નિર્ણય લઈને આગામી એક સપ્તાહમાં નવી ફીનું માળખું જાહેર કરવામાં આવશે તેમ સૂત્રોએ વધુમાં ઉમેર્યું હતું.

# સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ૧૨૦૦૦થી વધુ જગ્યા ખાલી

### હજારોની જગ્યા ખાલી હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા ભરતી ન કરાતા ભારે અન્યાય થઇ રહ્યો હોવાની ફરિયાદ

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાનના વિષયના ૧૨૦૦૦ શિક્ષકોની જગ્યા ખાલી હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા ભરતીમાં હળહળતો અન્યાય કરાતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ અંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રાથમિક શિક્ષણ નિયામક આરસી રાવલને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં ભરતી થઈ જવાના માત્ર ઠાલા આશ્વાસનો અપાતા હોવાથી વિરોધનો સુરત ઉઠી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યના પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ પ્રાયમરી વિભાગમાં શિક્ષણ બનવા માટે ટેટ-૨ની પરીક્ષા વર્ષ ૨૦૧૧માં લેવાઈ હતી. ત્યારબાદ છેલ્લા ત્રણ વર્ષમાં ગણિત-વિજ્ઞાનના ૨૦૦૦૦ જેટલા શિક્ષકોની તેમજ ભાષાના ૧૩૦૦૦ જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે જેની સામે સામાજિક વિજ્ઞાનના માત્ર ૩૫૦૦ જેટલા જ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે અને આ ભરતી પણ હાઈકોર્ટના આદેશના પગલે કરવાની ફરજ પડી હતી ત્યારે શિક્ષકોની ભરતીમાં સામાજિક વિજ્ઞાનના ઉમેદવારોને અન્યાય થતો હોવાથી રજૂઆત સાથે અનેક વખત રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પરીક્ષા નિયામક આરસી રાવલને આવેદનપત્ર આપવામાં આવ્યા છે. આમ છતાં ઉમેદવારોને માત્ર ભરતી થઈ જશે તેવા ઠાલા આશ્વાસનો આપવામાં આવી રહ્યા છે. જુલાઈ ૨૦૧૪માં લેવાયેલ ટેટ-૨ની પરીક્ષાનું પરિણામ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા હજી ફરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી ન હોવાથી ઉમેદવારોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે ત્યારે સામાજિક વિજ્ઞાનના ઉમેદવારોએ ચિમકી ઉચ્ચારી છે કે, સરકાર દ્વારા દિવાળી સુધીમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં ન હીં આવે તો ના છુટકે ગાંધીનગર ખાતે અનસન ઉપર બેસવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૨૦૦૦ જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે.

# ભારતીય બંધારણમાં ૭૪માં સુધારો આવતા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં મહિલાઓ માટે આરક્ષણની જોગવાઇ ફરજિયાત કરવામાં આવી

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે ૭૪ બંધારણીયા સુધારા વિશે માહિતી મેળવી રહયા હતા. આપ સૌ વાચક વર્ગ વાકેફ છો કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં મહિલાઓ માટે અનામતની જે જોગવાઈ કરવામાં આવી છે તે સંદર્ભમાં ભારતીય બંધારણમાં ૭૪ બંધારણીય સુધારાથી અલગથી કરવામાં આવે છે.

આપણે એ પણ જોયું કે ભારતીય બંધારણમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં મહિલાઓ માટે જે આરક્ષણની જે જોગવાઈ કરવામાં આવી તે મહિલાઓના રાજકીય સશકિતકરણના સંદર્ભમાં છે. ભારતીય બંધારણમાં ૭૪ માં સુધારો આવતા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગર પાલિકામાં મહિલાઓ માટે આરક્ષણની જોગવાઈ ફરજિયાત કરવામાં આવી. તેના પરીપાક રૂપે તમામ ગ્રામપંચાયતોથી લઈ તમામ મહાનગર સુધીની તમામ સ્થાનિક સ્વરાજયની સ્થાપનામાં દરેક રાજકીય પક્ષોએ ચુંટણીમાં ફરજિયાત મહિલાઓને પસંદ કરવાના થયા. અને તેને કારણે ગૂમ્ય કક્ષાએ સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ અને મહાનગરોના મેયર તરીકે મહિલાઓએ જવાબદારી સંભાળી.

સ્ત્રીઓના સંદર્ભમાં ૭૪ બંધારણીય સુધારો એ આમ જોઈએ તો રાજકીય સશકિતકરણની એક કેડી કંડારાઈ એમ લાગે છે. જો કે ૭૪ બંધારણીય સુધારા પહેલા પણ સમગ્ર વિશ્વ, દેશમાં અને અનેક રાજયોમાં મહિલાઓ રાજકીય રીતે સક્રિય રાજકારણમાં રહેલી છે તે દિવા જેવી સ્પષ્ટ બાબત છે. પરંતુ, ૭૪ બંધારણીય સુધારો આવતા મહિલાઓ વિશેષ રીતે રાજકારણમાં સક્રિય જોવા મળી તેવું લાગે છે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ગવર્નન્સ શબ્દ ખૂબ જ પ્રસ્તુત બની જાય છે. ગવર્નન્સ શબ્દનો અર્થ થાય છે હુકમ, શાસન, આદેશાત્મક વ્યવસ્થા - વગેરે થાય છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સંદર્ભમાં ગુડ ગવર્નન્સ એટલે કે સુશાસન સાથે સંકળાયેલી વ્યવસ્થા છે. યુનાઈટેડ નેશન્સ એ ગુડ ગવર્નન્સ તમામ રીતે આવકારદાયક છે અને માત્ર ગુડ ગવર્નન્સને કારણે પણ આમુલ પરિવર્તન આવી શકે છે તેમ જણાવે છે. ચુંટાયેલી મહિલા એ જયારે પ્રતિનિધિ કરે છે ત્યારે આ મહિલાઓને આમ પણ પાયાની સુવિધાઓ બાબતે સીધો સંબંધ હોય છે. ચુંટાયેલી મહિલાઓને ઓલ ઈન્ડિયા લોકલ સેલ્ફ ગવર્મેન્ટ પ્રશિક્ષણ આપવાનું સમયાંતરે, નિયમિત રીતે કામ કરે છે. ફરીથી ૭૪ બંધારણીય સુધારા તરફ આગળ વધીએ તો,

મહાનગરપાલિકામાં મેય, નગરપાલિકામાં પૂમુખ કે જીલ્લા પંચાયતો અ ને તાલુકા પંચાયતોમાં અધ્યક્ષ તથા ગ્રામ્યકક્ષાએ મહિલા સરપંચોએ અનેક સ્થળો ઉપર ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે.

વાસ્તવમાં રાજનૈતિક પરિપ્રક્ષની અંદર તેમજ જ્ઞાતિગત સમીકરણોના પરિણામે હજુ અનેક સ્થળો ઉપર વાસ્તવિક સતા જે તે પદગ્રહણ કરનાર મહિલાના પતિની કે સસરાની હોય છે તેવી વાસ્તવીકતા જોવા મળે છે.

ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓમાં ખાસ કરીને નિરક્ષરતા તેમજ સામાજીક પછાતપણાંની પરિસ્થિતિ જોવા મળે છે તેને કારણે ચુંટાયેલી મહિલાઓ અસરકારક સહભાગની સ્થિતિનું નિર્માણ કરી શકતી નથી.

(૧) સમાન જોગવાઈઓ :-

નગર પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓ માટે નીચે મુજબ એક સમાન જોગવાઈઓ કરવામાં આવી છે :-

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી માટે ખાસ રાજય ચુંટણી કમીશનની રચના કરવાની છે. જે મુજબ રાજય ચુંટણી કમીશ્નર નિમણુંક કરવામાં આવી છે. રાજય સરકાર આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે ગેઝેટમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, સભ્યોની સંખ્યા, અનામત બેઠકોની સંખ્યા અને વોર્ડની સંખ્યા નકકી કરશે - તે અન્વયે રાજય ચુંટણી કમિશનને વોર્ડની રચના કરવાની છે.

અનામત બેઠકો જુદા જુદા વોર્ડમાં ફાળવવામાં આવશે.

(૨) અનામત બેઠકોની જોગવાઈ -

અનુસૂચિતજાતિ, જનજાતિ માટે જનસંખયાના પ્રમાણમાં બેઠકોની સંખ્યા નકકી થશે - તે પૈકી ૧/૩ બેઠકો તેવી જાતિની મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.

કુલ બેઠકોના ૧/૩ જેટલા સભ્યોની બેઠકો મહિલાઓ માટે અનામ રહેશે, જેમાં અનુસૂચિત જાતિ, જનજાતિની મહિલા બેઠકોનો પણ સમાવેશ થઈ જાય છે.

કુલ બેઠકોની ૧૦ ટકા બેઠકો સામાજીક, આર્થિક પછાત વર્ગ માટે અનામત રાખવામાં આવશે અને તે પૈકી ૧/૩ બેઠકો તેવી જાતિની મહિલાઓ માટે અનામત રહેશે.

પ્રમુખ - મેયરના હોદાની બેઠક પણ ઉપર જણાવ્યા પ્રમાણમાં અનામત રાખવામાં આવશે, જે મુદત એક વર્ષની રહેશે.

(૩) મુદત :-

દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મુદત વધુમાં વધુ પાંચ વર્ષની રહેશે., મુદત પુરી થતા પહેલા ફરી ચુંટણી કરવાની રહેશે. વિસર્જન થાય તો પણ તેનાથી છ મહિલામાં જ ચુંટણી કરવાની છે અને ફરી ચુંટાયેલ સંસ્થાની મુદત બાકીની મુદત જેટલી જ રહેશે અને જો છ માસમાં અગાઉની મુદત પુરી થતી હશે તો તેવી મુદત પુરી થયે ચુંટણી કરવામાં આવશે તેથી સમયસર ચુંટણી આવશ્યક બનેલ છે. સુપરસીડની જોગવાઈ રદ્ થઈ છે અને વિર્સજનના ખાસ કિસ્સામાં પણ છ માસમાં ફરી ચુંટણી કરવાની ફરજિયાત છે. આ બાબત નોંધપાત્ર છે. નગર સેવકોની મુદત સંસ્થાની મુદત જેટલી રહેશે.

અનેક મહિલાઓએ પોતાનો અનુભવો અમોને જણાવ્યા છે. કેટલીક વિશેષ બાબતો જાણવા સંદર્ભે પણ જણાવેલ છે. સમતાના ખ્યાલના સંદર્ભના ખ્યાલમાં મળીએ આવતા અંકે....